# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા ગુજરાત રાજયના MSME એકમોને કેપીટલ ઈન્વેસ્ટેમેન્ટ સબસીડીની સહાય મર્યાદા વધારવા બાબત રાજય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી...

સરકારશ્રી દ્વારા MSME એકમોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ગુજરાત રાજયના MSME એકમોનો વધુ વિકાસ થાય તે માટે રાહત પેકેજો-સ્કિમો અમલમાં મુકેલ છે. ગુજરાત રાજયમાં આશરે ૪ લાખથી પણ વધુ MSME એકમો કાર્યરત છે અને નવા પણ સ્થપાઈ રહયા છે.

રાજય સરકાર દ્વારા નવી ઔધોગીક નિતી-૨૦૨૨ અમલમાં મુકેલ હોય જેમાં માત્ર માઈક્રો યુનીટોને જ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી ૧૦% મળવાપાત્ર થાય છે. જયારે પાછળની તમામ ઔધોગીક પોલીસીઓમાં તમામ MSME એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થતી હતી. વધુમાં અન્ય રાજયોની પોલીસીમાં તેના નિતિ નિયમો મુજબ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની ટકાવારી આપણાં ગુજરાત રાજય કરતા વધુ જણાઈ રહી છે. તો ગુજરાતને જ આવો અન્યા શા માટે ? માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સપનાને સાર્થક કરવા તેમજ ગુજરાતના ઉધોગકારોનો વધુ વિકાસ થાય અને અર્થતંત્રમાં સહભાગી બની શકે તે માટે નવી ઔધોગીક નિતીમાં તાત્કાલીક ફેરફાર કરી ગુજરાતના MSME એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની સહાય મર્યાદા તાત્કાલીક વધારવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી, માનનીય ઉધોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજી, માનનીય ઉધોગમંત્રી(રાજયકક્ષા) શ્રી જગદિશભાઈ વિશ્વકર્માજી તથા માનનીય ઉધોગ કમિશ્નરશ્રી સંદિપ સગાલેજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.